અપીલ અરજી નં.૨૭૭ તા.૨૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી ભાણીબેન ભીખીબેન કર્મચારી નં.૪૩૧૩ એ તા.૧૩–૧૦–૦૯ ના રોજ મે.કમિશ્નરશ્રીને અરજી કરેલ કે આપશ્રીની કચેરીના અધિકારીઓ ધ્વારા વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય અમો અરજદાર અનુસુચિત જાતિના હોવાથી અડધુત અને અપમાનીત કરેલ હોય. આશ્રિત અમોને અનફિત કરી નોકરી અંગેની કાર્યવાહી માટે અરજી આપેલ જેના અનુસંધાને આપેલ અરજીની કાર્યવાહીની આખરી નિકાલ અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૨૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૭૭/૨૦૦૯–૧૦

શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી ભાણીબેન ભીખીબેન કર્મચારી નં.૪૩૧૩ એ તા.૧૩–૧૦–૦૯ ના રોજ મે.કમિશ્નરશ્રીને અરજી કરેલ કે આપશ્રીની કચેરીના અધિકારીઓ ધ્વારા વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય અમો અરજદાર અનુસુચિત જાતિના હોવાથી અડધુત અને અપમાનીત કરેલ હોય. આશ્રિત અમોને અનફિત કરી નોકરી અંગેની કાર્યવાહી માટે અરજી આપેલ જેના અનુસંધાને આપેલ અરજીની કાર્યવાહીની આખરી નિકાલ અંગેની માહિતી આપવા બાબતે આપેલ માહિતી સંતોષકારક નહીં હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૬ તા.૪–૧૨–૦૯ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ) તથા અરજદારને મળેલી માહિતી અને તેની નારાજગીના આધાર અને વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જાવક નં.જીએડી/ઈએસટી/૨૮૨૨ તા.૯–૧૨–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજીની નકલ, નોંધ વિભાગ, તથા પ્રમુખશ્રી ગુજરાત રાજય હરીજન સેવાસંઘ સુરતને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૪૫૦ તા.૨૫–૨–૦૯ થી પાઠવેલ પત્રની નકલ, સેન્ટ્રલઝોન તરફથી થયેલ તબદીલ પત્રની નકલ, ભાણીબેનની તા.૧૩–૧૦–૦૯ ની અરજીની નકલ, ભાણીબેનને પાઠવેલ પત્ર નં.જીએડી/ઈએસટી/૪૮૦૯ તા.૨૫–૩–૦૮ ની પત્રની નકલ, ભાણીબેનની તા.૨૪–૧–૦૭ ની અરજીની નકલ તથા ભાણીબેનને સેઝટ્રલઝોન/આરોગ્ય/સેનીટેશન/૨૫૯૫ તા.૨૭–૧૨–૦૪ ની પત્રની નકલ તથા મજકુર કર્મચારીનું સ્મીમેરનું તા.૨૫–૧૦–૦૫ નું અનફીટ સર્ટીફીકેટ, આશ્રિતની નોકરી અંગેનું અરજી ફોર્મ , સ્થળ તપાસ રીપોર્ટ આશ્રિત તરીકે નોકરી મેળવનાર વ્યકિતની સંમતિપત્ર, પત્ર નં.જીએડી/ઈએસટી/પીએચ/૩૫૮ તા.૩૦–૧–૦૬ નો કચેરી હુકમ, નિવૃતિ વેતન હુકમના બુકની ઝેરોક્ષની નકલ, પગાર સ્લીપની નકલ, પ્રોવિડન્ટની નકલ, રેશનકાર્ડની નકલ, સામાન્ય નિયુકિત ફોર્મ–૧ ની નકલ, ભાણીબેનને પાઠવેલ પત્ર નં.સી.ઝેડ/સેનીટેશન/આ.નં.૩૭ તા.૨૦–૪–૦૭ ના પત્રની નકલ, ૬૨૧ તા.૨૯–૩–૦૭ ની નકલ તથા ૫૬૦ તા.૨૩–૨–૦૭ ના પત્રની નકલ, ૫૧૫ તા.૫–૨–૦૭ ના પત્રની નકલ તથા મજકુર કર્મચારીની અનફીટ અંગેની ફાઈલ, અરજદારનેપત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૮૩ તા.૧૦–૧૧–૦૯ થી માહિતી અને દસ્તાવેજ માટે કુલ પાના ૮૪ ના પ્રતિ રૂા. લેખે ૧૬૮/– ભરપાઈ કરવાના પત્રની નકલ,અરજદારને આપેલ માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૮ તા.૧૯–૧૨–૦૯ ના પત્રની નકલ અત્રે પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય અને સંદર્ભમાં જણાવેલ વિગતે માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૪૮૩ તા.૧૦–૧૧–૦૯ ના રોજ માંગેલી માહિતી અને દસ્તાવેજ ફી અંગેના પાના ૮૪ના પ્રતિ પાના રૂા.૨/– લેખે કુલ રૂા.૧૬૮ ભરપાઈ કરી માહિતી મેળવવા જણાવેલ. જે અંગે અરજદારે રસીદ નં.૧૧૧૦૯૯ થી તા.૧૯–૧૧–૦૯ ના રોજ ફી ભરી માહિતી મેળવેલના શેરાવાળી નકલ અત્રે રજૂ કરેલ છે. આ ઉપરાંત અરજદારને પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૮ તા.૧૯–૧૧–૦૯ થી અરજદારને આપેલ માહિતી " તા.૧૩–૧૦–૦૯ ની અરજી કાયમી ધોરણે દફતરે કરવામાં આવેલ છે. સદર બાબતે કરેલ સમગ્ર કાર્યવાહીનો ખ્યાલ આવે તે હેતુને ધ્યાને રાખી અનફીટ થયેલ કર્મચારી શ્રી ભાણીબેન ભીખીબેનની અરજી સહિતની તે સંદર્ભે કરવામાં આવેલ સમગ્ર કાર્યવાહીના કાગળોની ઝેરોક્ષ નકલ સામેલ છે. " તેવી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. જે અંગે અરજદારે તા.૨૭–૧૧–૦૯ ના રોજ અપીલ અરજી કરી સંતોષકારક જવાબ નહીં મળેલ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે . પરંતુ તેમની અરજીમાં જણાવેલ માહિતી નહીં મળ્યા હોવાનું જણાવેલ નથી. વધુમાં અરજદારને પણ અપીલ તબકકે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ૯૭૬ તા.૪–૧૨–૦૯ થી પત્ર પાઠવી મળેલ માહિતીની વિગતો રજૂ કરવા જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદારે અપીલ સાથે કે અપીલ તબકકે અરજીના પરિપ્રેક્ષ્યમાં માહિતી નહીં મળી હોય તેવી કોઈ રજૂઆત કરેલ નથી. અરજદાર સફાઈ કામદાર મજકુર કર્મચારી શ્રી ભાણીબેન ભીખીબેન કર્મ નં.૪૩૧૩ તરફથી તા.૨૦–૧૨–૦૪ ના રોજ અનફીટ કરેલ હોય પોતાના પુત્ર ધનસુખલાલ સોલંકીને પોતાની જગ્યાએ આશ્રિત તરીકે સમાવવાની અરજીની કાર્યવાહીની આખરી નિકાલ અંગેની માહિતીની

સંપૂર્ણ વિગતો માંગવામાં આવેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ અરજદારની અરજીની કાર્યવાહી પાના નંગ૮૪ માં વિગતો આપ્યાનું જણાય છે. તેમજ તેમની તા.૧૩–૧૦–૦૯ ની અરજી બાબતે પણ તા.૨૮–૧૦–૦૯ ના રોજ રીપોર્ટ કરી અરજી દફતરે કર્યાનું જણાય છે. જે અંગે અરજદારને તેમની તા.૧૩–૧૦–૦૯ ની અરજી કાયમી ધોરણે દફતરે કરવામાં આવેલ છે. તેવી માહિતી પત્ર નં.જીએડી/ઈએસટી/૨૫૯૮ તા.૧૯–૧૧–૦૯ ના રોજ અરજદારને અરજી સહિતના સંદર્ભે સમગ્ર કાગળોની નકલ પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૧૦–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ હોઈ અપીલ અંગે કંઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી કચેરીના કામકાજ દરમ્યાન દિન–૭ માં બાબત હેઠળ લાગત માહિતી અંગે સબંધિત દફતરનું ઈન્સ્પેકશન કરી શકે છે. જે માટે કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫ થી ઠરાવેલ ફી અરજદારે ભરપાઈ કરવાની રહેશે. અરજદાર તરફથી ઈન્સ્પેકશનની માંગણી થયે તદઅનુસારની અમલવારી કરવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ મહેકમ)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

ડે.**કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧)ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી મધ્યસ્થ મહેકમ....જાણ તથા અમલ માટે
(૨) શ્રી સોલંકી ધનસુખભાઈ કનૈયાલાલ